:: વેચાણ દસ્તાવેજ ::

અવેજ રૂા...................../– પુરાનો

સવંત : ૨૦૭૩ ના ને વાર :

, તારીખ : મી, માહે : , સને : ૨૦૧૭ ના અંગ્રેજી દિને......

<u>આ વેચાણ દસ્તાવેજનો લેખ લખાવી લેનાર યાને વેચાણ રાખનાર :–</u>

શ્રી

ઉ.આ.વ. : , ધંધો :

રહેવાસી :

ઈન્કમટેક્ષ પી. એ. નં. A

(જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજના લેખમાં વેચાણ રાખનાર અગર તમો તરીકે સંબોધવામાં આવેલ છે, જેઓના સંપૂર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં વેચાણ રાખનાર પોતે તથા તેઓના વંશવાલી વારસો, ટ્રાન્સફરી, એસાઈની, એકઝીકયુટર્સ, એડમીની સ્ટ્રેટર્સ, સકસેસર્સ ઈત્યાદી તમામનો સમાવેશ થઈ જાય છે.)

<u>જોગ લી....</u>

<u>આ વેચાણ દસ્તાવેજનો લેખ લખી આપનાર યાને વેચાણ આપનાર :–</u>

પીએનજી ડેવલપર્સ (એક ભાગીદારી પેઢી) ના ભાગીદારો :–

ઈન્કમટેક્ષ પી. એ. નં. AANFP 4277 H.

(૧).. **શ્રી અતુલભાઈ મણીલાલ પટેલ**
ઉ.આ.વ. : ૫૧, ધંધો : ખેતી/વેપાર,
રહેવાસી : સી/૫, સોમનાથ સોસાયટી, ઈચ્છાનાથ રોડ, સુરત.

(૨).. **શ્રી કાંતિભાઈ વિરજીભાઈ ગાંગાણી**
ઉ.આ.વ. : ૪૮, ધંધો : ખેતી/વેપાર,
રહેવાસી : ૩૦/એ–બી, કલાકુંજ સોસાયટી, વરાછા રોડ, સુરત.

(૩).. **શ્રી વિનોદભાઈ પ્રેમજીભાઈ ગાંગાણી**
ઉ.આ.વ. : ૩૩, ધંધો : ખેતી/વેપાર,
રહેવાસી : ૩૦/એ–બી, કલાકુંજ સોસાયટી, વરાછા રોડ, સુરતના જાતે પોતે તથા અ. નં. ૧, ૨ તથા ૪ થી ૧૪ ના કુ.મુ. તરીકે...

(૪).. **શ્રી જગદીશભાઈ મણીલાલ પટેલ**
ઉ.આ.વ. : ૫૮, ધંધો : ખેતી/વેપાર,
રહેવાસી : ડી/૫, સોમનાથ સોસાયટી, ઈચ્છાનાથ રોડ, સુરત.

(૫).. **શ્રી સંજયભાઈ રમેશચંદ્ર પટેલ**
ઉ.આ.વ. : ૫૨, ધંધો : વેપાર,
રહેવાસી : સંકેત, સર્જન સોસાયટી બંગલા નં.૧૨૨ પાસે, અઠવાલાઈન્સ, સુરત.

(૬).. **શ્રી સંજયભાઈ દામજીભાઈ ગાંગાણી**
ઉ.આ.વ. : ૩૦, ધંધો : ખેતી/વેપાર,
રહેવાસી : ૩૦/એ–બી, કલાકુંજ સોસાયટી, વરાછા રોડ, સુરત.

(૭).. **શ્રી નિલેશભાઈ હેમરાજભાઈ ગાંગાણી**
ઉ.આ.વ. : ૨૫, ધંધો : ખેતી/વેપાર,
રહેવાસી : ૩૦/એ–બી, કલાકુંજ સોસાયટી, વરાછા રોડ, સુરત.

(૮).. **શ્રી પ્રશાંતભાઈ વાલજીભાઈ ગાંગાણી**
ઉ.આ.વ. : ૨૬, ધંધો : ખેતી/વેપાર,
રહેવાસી : ૩૦/એ–બી, કલાકુંજ સોસાયટી, વરાછા રોડ, સુરત.

(૯).. **શ્રી પ્રફુલભાઈ ભગવાનજીભાઈ પરમાર**
ઉ.આ.વ. : ૫૨, ધંધો : ખેતી/વેપાર,
રહેવાસી : ૧–૨, હરિક્રિષ્ના નિવાસ, ન્યુ સીવીલ રોડ, સુરત.

(૧૦).. **શ્રી ભગવાનજીભાઈ માધવજીભાઈ પરમાર**
ઉ.આ.વ. : ૭૫, ધંધો : ખેતી/વેપાર,
રહેવાસી : ઉપર મુજબ.

(૧૧).. **શ્રીમતી ભીખીબેન મણીલાલ પટેલ**
ઉ.આ.વ. : ૭૮, ધંધો : ખેતી/વેપાર,
રહેવાસી : સી/૫, સોમનાથ સોસાયટી, ઈચ્છાનાથ રોડ, સુરત.

(૧૨).. **શ્રીમતી પુષ્પાબેન હસમુખભાઈ પટેલ**
ઉ.આ.વ. : ૬૬, ધંધો : ખેતી/વેપાર,
રહેવાસી : સંકેત, સર્જન સોસાયટી બંગલા નં.૧૨૨ પાસે, અઠવાલાઈન્સ, સુરત.

(૧૩).. **શ્રી હેમંતભાઈ નાથુભાઈ પટેલ**
ઉ.આ.વ. : ૬૦, ધંધો : ખેતી/વેપાર,
રહેવાસી : ઉપર મુજબ.

(૧૪).. **હરદાસભાઈ વસ્તાભાઈ પટેલ એચ.યુ.એફ.ના કર્તા**
શ્રી હરદાસભાઈ વસ્તાભાઈ પટેલ
ઉ.આ.વ. : ૬૮, ધંધો : વેપાર,
રહેવાસી : સી–૧૧, અનુપમ બંગ્લોઝ, ન્યુ સીટી લાઈટ રોડ, સુરત.

(જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજના લેખમાં વેચાણ આપનાર અગર અમો તરીકે સંબોધવામાં આવેલ છે, જેઓના સંપૂર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં વેચાણ આપનાર સદરહુ પેઢીના ભાગીદાર તરીકે પોતે તથા વખતો વખતના ભાગીદારો તેઓના વંશવાલી વારસો, ટ્રાન્સફરી, એસાઈની, એકઝીકયુટર્સ, એડમીની સ્ટ્રેટર્સ, સકસેસર્સ ઈત્યાદી તમામનો સમાવેશ થઈ જાય છે.)

જત આજરોજ અમો વેચાણ આપનાર તમો વેચાણ રાખનારને આ વેચાણ દસ્તાવેજ લખી આપી જણાવીએ છે કે :–

સુરત ડીસ્ટ્રીકટ ચોર્યાસી સબ–ડીસ્ટ્રીકટના મોજે સુલતાનાબાદના રેવન્યુ સર્વે નં. ૯૮ વાળી જમીન મુળ ધનરાજ ઝવેરચંદની માલીકીની ચાલી આવેલ, જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૧૦૧ થી થયેલ. જેઓ તા. ૧૪–૫–૫૭ ના રોજ ગુજરી જતાં તેમણે તેમની હયાતીમાં કરેલ વીલની રૂએ સદરહુ જમીન તેમની દિકરી નામે પ્રભાવતીબેન બાબુલાલ સોલંકીના નામે ગામ દફતરે દાખલ થયેલ, જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૩૩૫ થી તા. ૧૬–૧૨–૫૭ ના રોજથી થયેલ અને જે નોંધ તા. ૧૨–૧–૫૮ ના રોજથી પ્રમાણિત થયેલ. આમ સદરહુ જમીન પ્રભાવતીબેન બાબુલાલ સોલંકીની માલીકીની ચાલી આવેલ. જેઓ તા. ૨૧–૧–૮૦ ના રોજ ગુજરી જતાં તેમણે તેમની હયાતીમાં કરેલ વીલની રૂએ સદરહુ જમીન ગામ દફતરે તેમના પૌત્ર નામે સગીર ગૌરાંગ ભરતકુમાર સોલંકીના વાલી ભરતકુમાર બાબુલાલ સોલંકીના નામે દાખલ થયેલ, જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના

નં. ૬ માં એન્ટ્રી નં. ૮૭૨ થી તા. ૨૭–૮–૮૦ ના રોજથી થયેલ અને જે નોંધ તા. ૧૬–૯–૮૦ ના રોજથી પ્રમાણિત થયેલ. ત્યારબાદ ગૌરાંગ ભરતકુમાર સોલંકી સગીર મુકત થતાં તેમના વાલી તરીકે ભરતકુમાર બાબુલાલ સોલંકીનું નામ ગામ દફતરેથી કમી કરવામાં આવેલ, જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૧૭૨૭ થી તા. ૧–૬–૯૪ ના રોજથી થયેલ અને જે નોંધ તા. ૧૬–૮–૯૪ ના રોજથી પ્રમાણિત થયેલ. આમ સદરહુ જમીન ગૌરાંગ ભરતકુમાર સોલંકીની માલીકીની ચાલી આવેલ.

સદરહુ જમીન અંગેના બાંધકામના પ્લાન ગૌરાંગ ભરતકુમાર સોલંકીએ સુરત શહેરી વિકાસ સત્તા મંડળ (સુડા) ની કચેરીમાં રજુ કરેલ જે પ્લાન મંજુર કરવામાં આવેલ અને રજાચિઠ્ઠી નં. સુડા/ વિપઅ/ યુ–૪/ ૨૮૪૫–અ, તા. ૨૮–૧૦–૯૪ ના રોજથી આપવામાં આવેલ.

સદરહુ જમીન મે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરતનાએ તેઓના હુકમ ક્રમાંક : ૪/ ડી.પી./ એન.એ./ રજી.–૨૬૦/ ૯૪–૯૫, તા. ૨૫–૫–૯૫ ના રોજથી બીનખેતીની જમીન તરીકે જાહેર કરેલ, જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૧૭૯૦ થી તા. ૩૧–૫–૯૫ ના રોજથી થયેલ અને જે નોંધ તા. ૭–૭–૯૫ ના રોજથી પ્રમાણિત થયેલ.

સદરહુ જમીનમાં ગૌરાંગ ભરતકુમાર સોલંકીએ પ્લોટોનું આયોજન કરી સદરહુ જમીનમાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૧ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ : ૭૦૧–૬૦.૫૦ ચો.મી. અને ફાળે પડતા આંતરીક રસ્તાની ૧૧૯–૯૦ ચો.મી. જમીન ડાહયાભાઈ નારણભાઈ ગજીવાલાને વેચાણથી આપેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. સબ– રજીસ્ટ્રારશ્રી, સુરતનાની કચેરીમાં અનુક્રમ નં. ૩૬૧૦ થી તા. ૩૧–૩–૯૫ ના રોજથી નોંધાયેલ અને જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૧૯૪૨ થી તા. ૧–૬–૯૬ ના રોજથી થયેલ અને જે નોંધ તા. ૫–૭–૯૬ ના રોજથી પ્રમાણિત થયેલ. તેમજ પ્લોટ નં. ૨ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ : ૭૦૧–૬૦.૫૦ ચો.મી. અને ફાળે પડતા કોમન ઓપન પ્લોટની ૨૯૭–૦૦ ચો.મી. અને ફાળે પડતા આંતરીક રસ્તાની ૧૭૦–૬૬ ચો.મી. જમીન ડાહયાભાઈ નારણભાઈ ગજીવાલાને વેચાણથી આપેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. સબ–રજીસ્ટ્રારશ્રી, સુરતનાની કચેરીમાં અનુક્રમ નં. ૩૯૧૪ થી તા. ૩૦–૩–૯૬ ના રોજથી નોંધાયેલ અને જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૧૯૪૧ થી તા. ૧–૬–૯૬ ના રોજથી થયેલ અને જે નોંધ તા. ૫–૭–૯૬ ના રોજથી પ્રમાણિત થયેલ. તેમજ પ્લોટ નં. ૩ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ : ૬૪૮–૬૨.૫૦ ચો.મી. અને ફાળે પડતા આંતરીક રસ્તાની ૧૧૦–૮૫ ચો.મી. જમીન સગીર પિયુષ બિપીનચંદ્ર ગજીવાલાના વાલી તથા ઈષ્ટમિત્ર તરીકે ડાહયાભાઈ નારણભાઈ ગજીવાલાને વેચાણથી આપેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. સબ–રજીસ્ટ્રારશ્રી, સુરતનાની કચેરીમાં અનુક્રમ નં. ૩૯૧૨ થી તા. ૩૦–૩–૯૬ ના રોજથી નોંધાયેલ. ત્યારબાદ સગીર પિયુષ બિપીનચંદ્ર ગજીવાલાના વાલી તથા ઈષ્ટમિત્ર તરીકે ડાહયાભાઈ નારણભાઈ ગજીવાલાએ સદરહુ મિલકત લલીતાબેન ડાહયાભાઈને વેચાણથી આપેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. સબ–રજીસ્ટ્રારશ્રી, સુરત સીટી–૧ (અઠવા) ની કચેરીમાં અનુક્રમ નં. ૬૨૦૮ થી તા. ૨૯–૯–૨૦01 ના રોજથી નોંધાયેલ. ત્યારબાદ લલીતાબેન

ડાહયાભાઈ ગજીવાલાએ સદરહુ મિલકત પિયુષ બિપીનચંદ્ર ગજીવાલાને વેચાણથી આપેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. સબ–રજીસ્ટ્રારશ્રી, સુરત સીટી–૧ (અઠવા) ની કચેરીમાં અનુક્રમ નં. ૧૦૩૭૮ થી તા. ૧૪–૭–૨૦૦૬ ના રોજથી નોંધાયેલ અને જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૧૯૩૯ થી તા. ૧–૬–૯૬ ના રોજથી થયેલ અને જે નોંધ તા. ૫–૭–૯૬ ના રોજથી પ્રમાણિત થયેલ. તેમજ પ્લોટ નં. ૪ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ : ૬૪૮–૬૨.૫૦ ચો.મી. અને ફાળે પડતા આંતરીક રસ્તાની ૧૧૦–૮૫ ચો.મી. જમીન સગીર પિયુષ બિપીનચંદ્ર ગજીવાલાના વાલી તથા ઈષ્ટમિત્ર તરીકે ડાહયાભાઈ નારણભાઈ ગજીવાલાને વેચાણથી આપેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. સબ–રજીસ્ટ્રારશ્રી, સુરતનાની કચેરીમાં અનુક્રમ નં. ૩૬૧૧ થી તા. ૩૧–૩–૯૫ ના રોજથી નોંધાયેલ. ત્યારબાદ સગીર પિયુષ બિપીનચંદ્ર ગજીવાલાના વાલી તથા ઈષ્ટમિત્ર તરીકે ડાહયાભાઈ નારણભાઈ ગજીવાલાએ સદરહુ મિલકત લલીતાબેન ડાહયાભાઈને વેચાણથી આપેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. સબ–રજીસ્ટ્રારશ્રી, સુરત સીટી–૧ (અઠવા) ની કચેરીમાં અનુક્રમ નં. ૬૨૦૯ થી તા. ૨૯–૯–૨૦૦૧ ના રોજથી નોંધાયેલ. ત્યારબાદ લલીતાબેન ડાહયાભાઈ ગજીવાલાએ સદરહુ મિલકત પિયુષ બિપીનચંદ્ર ગજીવાલાને વેચાણથી આપેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. સબ–રજીસ્ટ્રારશ્રી, સુરત સીટી–૧ (અઠવા) ની કચેરીમાં અનુક્રમ નં. ૧૦૩૮૦ થી તા. ૧૪–૭–૨૦૦૬ ના રોજથી નોંધાયેલ અને જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૧૯૪૩ થી તા. ૧–૬–૯૬ ના રોજથી થયેલ અને જે નોંધ તા. ૫–૭–૯૬ ના રોજથી પ્રમાણિત થયેલ. તેમજ પ્લોટ નં. ૫ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ : ૬૪૮–૬૨.૫૦ ચો.મી. અને ફાળે પડતા આંતરીક રસ્તાની ૧૧૦–૮૫ ચો.મી. જમીન સુરેશચંદ્ર ડાહયાભાઈ ગજીવાલાને વેચાણથી આપેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. સબ– રજીસ્ટ્રારશ્રી, સુરતનાની કચેરીમાં અનુક્રમ નં. ૩૬૨૫ થી તા. ૩૧–૩–૯૫ ના રોજથી નોંધાયેલ અને જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૧૯૪૪ થી તા. ૧–૬–૯૬ ના રોજથી થયેલ અને જે નોંધ તા. ૫–૭–૯૬ ના રોજથી પ્રમાણિત થયેલ. તેમજ પ્લોટ નં. ૬ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ : ૬૪૮–૬૨.૫૦ ચો.મી. અને ફાળે પડતા આંતરીક રસ્તાની ૧૧૦–૮૫ ચો.મી. જમીન સુરેશચંદ્ર ડાહયાભાઈ ગજીવાલાને વેચાણથી આપેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. સબ–રજીસ્ટ્રારશ્રી, સુરતનાની કચેરીમાં અનુક્રમ નં. ૩૯૧૩ થી તા. ૩૦–૩–૯૬ ના રોજથી નોંધાયેલ અને જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૧૯૪૦ થી તા. ૧–૬–૯૬ ના રોજથી થયેલ અને જે નોંધ તા. ૫–૭–૯૬ ના રોજથી પ્રમાણિત થયેલ. તેમજ પ્લોટ નં. ૭ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ : ૭૭૬–૧૭ ચો.મી. અને ફાળે પડતા કોમન પ્લોટની ૧૪૮–૫૦ ચો.મી. અને ફાળે પડતા આંતરીક રસ્તાની ૧૫૮–૦૨ ચો.મી. જમીન ગૌરાગ ભરતકુમાર સોલંકીએ ઉર્મિલાબેન ચંદ્રકાંત માસ્તરને વેચાણ આપવાનું નકકી કરેલ. જેઓએ ભેગા મળી સદરહુ મિલકત દિપકકુમાર સુરેશચંદ્ર ગજીવાલાને વેચાણથી આપેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. સબ–રજીસ્ટ્રારશ્રી, સુરત સીટી–૧ (અઠવા) ની કચેરીમાં અનુક્રમ નં. ૧૧૧૩ થી તા. ૪–૨–૨૦૦૪ ના રોજથી નોંધાયેલ અને જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૩૧૧૩ થી તા. ૩૧–૭–૨૦૦૪ ના રોજથી થયેલ અને જે નોંધ તા. ૯–૯–૨૦૦૪ ના રોજથી પ્રમાણિત થયેલ. તેમજ પ્લોટ નં. ૮ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ : ૧૧૧૨–૬૦ ચો.મી. અને ફાળે પડતા કોમન પ્લોટની ૧૪૮–૫૦ ચો.મી. અને ફાળે પડતા આંતરીક રસ્તાની ૨૧૫–૫૨ ચો.મી. જમીન ગૌરાગ ભરતકુમાર સોલંકીએ ચંદ્રકાંત લાલભાઈ માસ્તરને વેચાણ આપવાનું નકકી કરેલ. જેઓએ ભેગા મળી સદરહુ

મિલકત ધર્મેશકુમાર સુરેશચંદ્ર ગજીવાલાને વેચાણથી આપેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. સબ–રજીસ્ટ્રારશ્રી, સુરત સીટી–૧ (અઠવા) ની કચેરીમાં અનુક્રમ નં. ૧૧૧૪ થી તા. ૪–૨–૨૦૦૪ ના રોજથી નોંધાયેલ અને જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૩૧૧૪ થી તા. ૩૧–૭–૨૦૦૪ ના રોજથી થયેલ અને જે નોંધ તા. ૯–૯–૨૦૦૪ ના રોજથી પ્રમાણિત થયેલ.

સદરહુ જમીન અંગે ગામ દફતરે ઉપરોકત ૮ (આઠ) પ્લોટોની નોંધ થયેલ પરતુ શરત ચુકથી તેમાં ફકત પ્લોટેડ એરીયાનુંજ ક્ષેત્રફળ ઘ્યાને લેવામાં આવેલ અને ફાળે પડતા કોમન પ્લોટ તથા આંતરીક રસ્તાની નોંધ કરવામાં આવેલ નહી. સદરહુ ગામે કોમ્પ્યુટર રેકર્ડનો અમલ થતાં સદરહુ પ્લોટોને અલગ નંબરો આપવામાં આવેલ અને જે મુજબ પ્લોટ નં. ૧ ને ૯૮ પૈકી ૩, પ્લોટ નં. ૨ ને ૯૮ પૈકી ૬,પ્લોટ નં. ૩ ને ૯૮ પૈકી ૭ પૈકી ૧, પ્લોટ નં. ૪ ને ૯૮ પૈકી ૫, પ્લોટ નં. ૫ ને ૯૮ પૈકી ૪, પ્લોટ નં. ૬ ને ૯૮ પૈકી ૨, પ્લોટ નં. ૭ ને ૯૮ પૈકી ૭ પૈકી ૨ અને પ્લોટ નં. ૮ ને ૯૮ પૈકી ૮ પ્રમાણે નવા નંબરો કોમ્પ્યુટર રેકર્ડ મુજબ આપવામાં આવેલ અને ફાળે પડતા રોડ રસ્તા અને કોમન ઓપન પ્લોટ વાળી જમીનને સર્વે નં. ૯૮/૧ આપવામાં આવેલ.

સદરહુ જમીનમાં આવેલા પ્લોટો અંગે થયેલ કોમ્પ્યુટર રેકર્ડ મુજબ જે તે માલીકોએ તેમની માલીકીની સદરહુ પ્લોટોવાળી મિલકત કમલેશભાઈ બાબુભાઈ પટેલને અલગ અલગ વેચાણ દસ્તાવેજોથી વેચાણથી આપેલ જેની વિગત નીચે મુજબ છે.

સર્વે નં.	**વેચનાર**	**રજી. નં.**	**તારીખ**
૯૮ પૈકી ૨ (જુનો નં. ૬)	સુરેશચંદ્ર ડાહયાભાઈ ગજીવાલા	૧૨૩૧૪	૧૨/૧૦/૦૭
૯૮ પૈકી ૩ (જુનો નં. ૧)	ડાહયાભાઈ નારણભાઈ ગજીવાલા	૭૦૦૨	૨૪/૦૫/૦૭
૯૮ પૈકી ૪ (જુનો નં. ૫)	સુરેશચંદ્ર ડાહયાભાઈ ગજીવાલા	૧૨૩૧૩	૧૨/૧૦/૦૭
૯૮ પૈકી ૫ (જુનો નં. ૪)	પિયુષકુમાર બિપીનચંદ્ર ગજીવાલા	૧૨૩૦૫	૧૨/૧૦/૦૭
૯૮ પૈકી ૬ (જુનો નં. ૨)	ડાહયાભાઈ નારણભાઈ ગજીવાલા	૯૫૧૨	૨૪/૦૭/૦૭
૯૮ પૈકી ૭/૧ (જુનો નં. ૩)	પિયુષકુમાર બિપીનચંદ્ર ગજીવાલા	૯૫૧૦	૨૪/૦૭/૦૭
૯૮ પૈકી ૭/૨ (જુનો નં. ૭)	દિપકકુમાર સુરેશચંદ્ર ગજીવાલા	૧૨૩૧૫	૧૨/૧૦/૦૭
૯૮ પૈકી ૮ (જુનો નં. ૮)	ધર્મેશકુમાર સુરેશચંદ્ર ગજીવાલા	૭૦૦૩	૨૪/૦૫/૦૭

ઉપરોકત વેચાણ અંગેની નોંધ અને આખી જમીનમાં આવેલ આંતરીક રસ્તા અને કોમન ઓપન પ્લોટવાળી જમીન કે જેને સર્વે નં. ૯૮/૧ તરીકે આપવામાં આવેલ તેની પણ ઉપરોકત નોંધ સાથે ફાળે પડતા હિસ્સા પ્રમાણે કમલેશભાઈ બાબુભાઈ પટેલના નામે ગામ દફતરે દાખલ થયેલ અને જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૩૯૮૭ થી ૩૯૯૪, તા. ૧૯–૧૧–૨૦૧૦ ના રોજથી થયેલ અને જે નોંધ તા. ૨૭–૧–૨૦૧૧ ના રોજથી પ્રમાણિત થયેલ. આમ સદરહુ જમીન યાને રેવન્યુ રેકર્ડ મુજબની ૭૫૮૮–૦૦ ચો.મી. જમીન કમલેશભાઈ બાબુભાઈ પટેલની માલીકીની ચાલી આવેલ.

સદરહુ જમીનને ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. ૮૦ (સુલતાનાબાદ–ભીમપોર) લાગુ પડતા ફાયનલ પ્લોટ નં. ૧૧૮ ફાળવવામાં આવેલ અને જેનું ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ : ૬૯૩૬–૦૦ ચો.મી. થયેલ છે તે જમીન અંગેના બાંધકામના રીવાઈઝડ પ્લાન સુરત મહાનગરપાલિકા તરફથી મંજુર કરવામાં આવેલ અને રજાચિઠ્ઠી નં. ટી.ડી.ઓ. નં. ૧૨૪, તા. ૧૪–૭–૨૦૧૧ ના રોજથી આપવામાં આવેલ.

સદરહુ જમીન યાને ફાયનલ પ્લોટ નં. ૧૧૮ વાળી જમીન કમલેશભાઈ બાબુભાઈ પટેલે પીએનજી ડેવલપર્સ એક ભાગીદારી પેઢીને યાને અમો વેચાણ આપનારને વેચાણથી આપેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. સબ–રજીસ્ટ્રારશ્રી, સુરત સીટી–૧ (અઠવા) ની કચેરીમાં અનુક્રમ નં. ૫૩૦૫, તા. ૩૧–૩–૨૦૧૨ ના રોજથી નોંધાયેલ, જે હકીકત અંગેની નોંધ ગામના હકક પત્રકના નમુના નં. ૬ માં એન્ટ્રી નં. ૪૧૯૯ થી તા. ૨૩–૪–૨૦૧૨ ના રોજથી થયેલ અને જે નોંધ તા. ૪–૯–૨૦૧૨ ના રોજથી પ્રમાણિત થયેલ છે. આમ, સદરહુ જમીન અમો વેચાણ આપનારની સંપૂર્ણ માલીકી કબજા વહીવટ ભોગવટા હેઠળની ચાલી આવેલી છે.

સદરહુ જમીનમાં અમો વેચાણ આપનારે મંજૂર થયેલ પ્લાન મુજબ "ઓશિયન ડ્રાઈવ" નામની હાઈરાઈઝ બિલ્ડીંગોનું બાંધકામ કરેલ છે અને જે પૈકી **બિલ્ડીંગ નં......** ના **........માળ** ઉપર આવેલ સ્થળ મુજબ **ફલેટ નં...........** અને મંજુર થયેલ પ્લાન મુજબ ફલેટ નંબર : ....વાળી મિલકત અમો વેચાણ આપનારે તમો વેચાણ રાખનારને **રૂા............./–** **(અંકે રૂપિયા ....)** પુરાથી વેચાણ આપેલ છે, જે વેચાણ અવેજની પુરેપુરી રકમ તમો વેચાણ રાખનારે અમો વેચાણ આપનારને નીચે જણાવેલ વિગતથી ચુકવી આપેલ છે, જે મળી ગયા બદલની અમો વેચાણ આપનાર આથી લેખીત પહોંચ સ્વીકારીએ છીએ.

–:: વિગત ::–

રકમ	બેંકનું નામ	ચેક નં.	તારીખ

સદરહુ મિલકતના વેચાણ અવેજની પુરેપુરી રકમ તમો વેચાણ રાખનારે અમો વેચાણ આપનારને ચુકવી આપેલ છે, જે વેચાણ અવેજની રકમ નહી મળ્યાની કે ઓછા મળ્યાની અમો વેચાણ આપનારે કે અમારા વંશવાલી વારસોએ કોઈપણ પ્રકારની તર–તકરાર કરવા કરાવવાની નથી. તેમ છતાં જો તેવી તર–તકરાર અમો વેચાણ આપનાર કે અમારા વંશવાલી વારસો તરફે કરવા કરાવવામાં આવે તો તે આ વેચાણ દસ્તાવેજની રૂએ રદ બાતલ થાય સહી.

સદરહુ તમો વેચાણ રાખનારના કિંમતી અવેજના બદલામાં સદરહુ મિલકત અમો વેચાણ આપનારે તમો વેચાણ રાખનારને યાવતચંદ્ર દિવાકરોને માટે યાને હરહંમેશ તથા કાયમના માટે અંદરના તથા બહારના તમામ હકકો સહીત વેચાણ આપેલ છે. આમ સદરહુ મિલકત અમારા કાયદેસરના માલીકી પણામાંથી કાઢી તમારા કાયદેસરના માલીકીપણામાં તથા કબજા વહીવટ ભોગવટા હેઠળ સુપ્રત કરેલ છે.

સદરહુ મિલકતના વેચાણ અવેજની પુરેપુરી રકમ સ્વીકારી અમો વેચાણ આપનારે સદરહુ અમારી માલીકીની મિલકતનો કાયદેસરનો કબજો તમારા કાયદેસરના માલીકીપણામાં સુપ્રત કરી દીધો છે, જેથી સદરહુ મિલકતમાં તમો વેચાણ રાખનાર જાતે વેચાણ કરો, બક્ષીસથી આપો, ગીરો મુકો, ટ્રાન્સફર કરો કરાવો તેમજ તમો વેચાણ રાખનારની મરજીમાં આવે તે પ્રમાણેની વ્યવસ્થા, સંચાલન કરો કરાવો તેમાં અમો વેચાણ આપનારે કે અમારા વંશવાલી વારસોએ કોઈપણ પ્રકારની તર–તકરાર કરવા કરાવવાની નથી. તેમ છતાં જો તેવી તર–તકરાર કરવા કરાવવામાં આવે તો તે આ વેચાણ દસ્તાવેજની રૂએ રદ બાતલ થાય સહી.

સદરહુ મિલકત તદ્દન નબોજી, નકર્જી, નજોખમી, ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ્સ વાળી છે. સદરહુ મિલકત અમોએ કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય રીતે તબ્દીલ કરી કરાવી આપેલ નથી. તેમજ તેવા કોઈપણ પ્રકારના લખાણો કરી આપેલ નથી. તેમજ તેવા લખાણો કરી કરાવી આપવા નકકી કરેલ નથી. સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારના ખાધા ખોરાકીનો, પોષાકીનો હકક, હીસ્સો કે અધિકાર નથી. તેમજ સદરહુ મિલકત અમોએ કોઈને જામીન તરીકે જામીનગીરીમાં લખી આપેલ નથી. સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો રહેઠાણ કે જવા આવવાના રસ્તાનો કે ઈઝમેન્ટનો હકક નથી. તેમજ સદરહુ મિલકત કોઈપણ પ્રકારના સંપાદન હેઠળ નથી. તેમજ તેવી કોઈ નોટીસ અમોને આજદિન સુધી મળી નથી. આમ સદરહુ મિલકતમાં અમો વેચાણ આપનાર સિવાય કોઈનો હકક હીસ્સો કે અધિકાર રહેલો નથી.

સદરહુ મિલકતને લગતા સુરત મહાનગરપાલિકાના વેરાની રકમ, મેઈન્ટેનન્સ ચાર્જની રકમ, સર્વિસ ટેક્ષની રકમ વિગેરે જે કંઈ રકમ કાયદેસરની ભરવાની આવે તે તમો વેચાણ રાખનારે માલીકી હકકે ભરી દેવાની રહેશે સહી.

સદરહુ મિલકત સુરત મહાનગર પાલિકા કે અન્ય સરકારી દફતરે આજરોજથી કમી કરી કરાવી સદરહુ મિલકતમાં તમારૂ નામ માલીક મુખત્યાર તરીકે તમારા ખર્ચે દાખલ કરી કરાવી શકો સહી. તેમજ તેવી કાર્યવાહીમાં અમો વેચાણ આપનારની જયાં

જ્યાં સહી સંમતિ, કબુલાત વિગેરેની જરૂર જણાય ત્યાં ત્યાં અમોએ જરૂરી સહી સંમતિ કબુલાત વિગેરે આપવાની રહેશે સહી.

સદરહુ મિલકત જે બિલ્ડીગમાં આવેલ છે તેમાં આવેલ તમામ કોમન ફેસીલીટી યાને રાસુકી સગવડો જેવી કે પાર્કિંગ વિગરેના ઉપયોગ તમો વેચાણ રાખનારે અન્ય હોલ્ડર્સો સાથે સમજીને કરવાનો રહેશે. તેમજ કોમન ફેસીલીટી યાને રાસુકી સગવડોને નુકશાન થાય તેવું કૃત્ય તમોએ કરવાનું નથી કે તેના ઉપયોગમાં ન્યુનતા કે અંતરાય ઉભી કરવાની નથી.

સદરહુ મિલકતમાં તમો વેચાણ રાખનારે અંદરથી કે બહારથી બાંધકામને લગતો કોઈપણ ફેરફાર કરવા કરાવવાનો નથી અને છતાં પણ જો તેવો ફેરફાર તમો વેચાણ રાખનાર ધ્વારા કરવા કરાવવામાં આવશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી તમો વેચાણ રાખનારની તથા અન્ય સભાસદોની રહેશે અને ફર્નીચર, ગ્રીલ, ગુજરાત ગેસ કનેકશન, ટેલીફોન, ઈલેકટ્રીક મીટર માટેના ગુજરાત વિદ્યુત બોર્ડના તમામ ચાર્જીસ, વેટ, જી.એસ.ટી. વિગેરેનો (જો લાગુ પડતો હોય તો) ખર્ચ તમોએ અલગથી કરવાનો રહેશે.

સદરહુ બિલ્ડીગના સભ્યોએ ભેગા મળી ફાયર સેફટી દર વર્ષે તથા લીફટનું લાયસન્સ દર ત્રણ વર્ષે રીન્યુ કરાવવાનું રહેશે અને તેનું મેઈન્ટેનન્સ કરાવવાનું રહેશે. તેમજ દર પાંચ વર્ષે બિલ્ડીગમાં બહારની સાઈડ રીપેરીંગ કલર કરવાનો રહેશે તેમજ સ્ટ્રકચર ડીઝાઈનર પાસે ચેક કરાવી તેમની સુચના મુજબ રીપેરીંગ કરાવવાનું રહેશે. તેમજ વાયરમેન, પ્લમ્બર, સુપરવાઈઝર, સફાઈ કોન્ટ્રાકટ, સર્વિસ બેઝ ઉપર રાખવાના રહેશે. ચોમાસાની સીઝનમાં વરસાદી પાણીથી બોરવેલ રી–ચાર્જીગ કરી શકાય તે માટે ચોમાસાની શરૂઆત પહેલા રી–ચાર્જીગ સીસ્ટમ સર્વિસ કરાવી લેવાની રહેશે. તેમજ બિલ્ડીગ અને કેમ્પસની સામગ્રીનો દર વર્ષે વીમો ઉતરાવી તેનું સમયસર પ્રિમીયમ ભરવાનું રહેશે સહી.

<u>અમો વેચાણ આપનારે સદરહુ મિલકતમાં નકકી થયા મુજબ બાંધકામ કરી સદરહુ મિલકતનો પ્રત્યક્ષ કબજો તમો વેચાણ રાખનારને સુપ્રત કરેલ છે. મજકુર મિલકત અંગે કોઈ પ્રકારની બાંધકામ કે તેને સંલગ્ન કોઈ કામગીરી બાકી નથી. તેમજ મજકુર બાંધકામ અને તેની સંલગ્ન તમામ કામગીરી બાબતે તમો વેચાણ રાખનારને સંપૂર્ણ સંતોષ થયેલ છે અને તે તમામ તમોએ જાતે તથા તે બાબતોના નિષ્ણાંત જાણકારી ધરાવનાર પાસે તપાસ કરી/કરાવીને, ખાતરી કરી/કરાવીને જોઈ તપાસી લઈને સદરહુ મિલકતનો કબજો પણ મેળવી લીધેલ છે. નકકી થયા મુજબની તમામ કામગીરી તમામ પ્રકારે સંપૂર્ણ રીતે પરિપુર્ણ થયેલી છે. તેમજ બાંધકામ તથા તેમાં વપરાશમાં લેવામાં આવેલ તમામ માલ–સામાન, સામગ્રી, ફીટીંગ્સ, ફિકસચર્સ વિગેરે યોગ્ય ગુણવત્તા વાળા છે અને તે તમામ બાબતે સંપૂર્ણ રીતે સંતોષ કારક માલુમ પડેલ છે અને તે બાબતે તમોને કોઈપણ પ્રકારની ફરીયાદ તકરાર નથી સદરહુ મિલકત તમો પહેલા પક્ષનાને કબજો સોપ્યાની તારીખથી ૫ વર્ષ સુધી સ્ટ્રકચરલની ખામી થયેલ હોયતો તે અમો બીજાપક્ષના પોતાના ખર્ચે કરાવી આપશે પરંતુ સદરહુ મિલકતમાં તમો પહેલાપક્ષનાં અંદરથી કે બહારથી બાંધકામને લગતો કોઈપણ ફેરફાર કરવા કરાવવાનો નથી તેમજ એસી, કીચન ચીમની કે અન્ય કોઈપણ પ્રકારનાં ઈલેકટ્રોનીક કે અન્ય ઉપકરણો ફીટીંગ કરવા માટે કોઈપણ આર.સી.સી. કામ, બીમ–કોલમ–સ્લેબ–દિવાલ–પીલર– ફલોરીંગ–આર.સી.સી.પરદી, દાદર અને કોમન પેસેજમાં તોડફોડ, સળિયા કટીગ કે હોલ કટીગ, કોર કટીગ કરાવવા નહી. અને તેમાં કોઈપણ</u>

પ્રકારની સ્ટ્રકચરલ ખામી ઉદભવે કે બાંધકામની ગુણવત્તામાં કોઈપણ ખામી ઉદભવે તેવા કૃત્યો પહેલાપક્ષનાએ કરાવા કરાવવાના નથી. અને તેવા કોઈપણ મોટા ફેરફાર કરવા પડે તો બીજા પક્ષનાની લેખીત પરવાનગી તથા સદરહુ પ્રોજેકટના સ્ટ્રકચરલ એન્જીનીયર વિગરેની લેખિત પરવાનગીથી કરવાની છે સહી. અને જો તેમ કરવા કરાવવામાં પહેલાપક્ષના ધ્વારા કસુર કરવામાં આવે તો તે અંગેની તમામ નુકસાની પહેલાપક્ષનાએ ભોગવવાની છે સહી. સદરહુ મિલકતમાં અમો બીજાપક્ષનાની પરવાનગી વિના સ્ટ્રકચર કે બાંધકામમાં ફેરફાર કરવામાં આવેલ હશે તો તે અંગેની તમામ જવાબદારી તમો પહેલાપક્ષના અને સોસાયટીની રહેશે.

સદરહુ મિલકતનો ઉપયોગ તમોએ ફકત રહેઠાણ માટે જ કરવાનો રહેશે અને તે સિવાયનો ઉપયોગ તમોએ કરવાનો નથી. સદરહુ મિલકતમાંથી તમોએ કોઈપણ વસ્તું નીચે ફેકવાની નથી કે જેથી કરીને અન્ય હોલ્ડર્સોને કે બિલ્ડીંગ પાસે આવેલ સભ્યોને કોઈ અડચણરૂપ થાય તેમજ આવવા જવામાં તકલીફ ઉપસ્થિત થાય તેવુ કૃત્ય તમોએ કરવા કરાવવાનું નથી. સદરહુ મિલકત જે બિલ્ડીંગમાં આવેલ છે તેના તમામ પેસેજો તથા દાદર ખાલી રાખવાના રહેશે. તેમજ પેસેજોમાં કોઈપણ હોલ્ડર્સે કોઈપણ પ્રકારની વસ્તુઓ મુકવાની નથી.

સદરહુ મિલકત તળેની જમીન અંગેના બાંધકામના મંજુર થયેલ પ્લાનમાં જે આવવા જવા માટેના જે રોડ રસ્તાની જગ્યા બતાવવામાં આવેલ છે. જેમાં તમોએ કોઈપણ પ્રકારનું બાંધકામ કરવા કરવાનું નથી. તેમજ અન્ય હોલ્ડર્સોને જવા આવવામાં અડચણ ઉપસ્થિત થાય તેવું કોઈ કૃત્ય તમોએ કરવા કરાવવાનું નથી. સદરહુ રોડ રસ્તાની જગ્યાનો વપરાશ તમોએ ફકત આવવા જવાના હકકો માટે, વીજળી કનેકશન માટે, ડ્રેનેજ લાઈન લેવા માટે, ટેલીફોનના થાંભલા, દોરડા નાંખવા માટે અન્ય હોલ્ડર્સો સાથે સહીયારો કરવાનો રહેશે. તેમજ સદરહુ મિલકત તળેની જમીનમાં આવેલ કોમન ઓપન પ્લોટનો વપરાશ તમોએ અન્ય હોલ્ડરો સાથે સહીયારો કરવાનો રહેશે સહી. તેમજ કોમન ઓપન પ્લોટમાં માલીકી હકક મેળવવા તમોએ કે અન્ય કોઈપણ હોલ્ડર્સે કોઈપણ પ્રકારની તર–તકરાર ઉપસ્થિત કરવા કરાવવાની નથી. સદરહુ બિલ્ડીંગમાં આવેલ ટેરેસમાં બિલ્ડીંગના કોઈ સભ્યોનો હકક હિસ્સો કે અધિકાર રહેશે નહી.

સદરહુ મિલકતનો કબજો સુપ્રત કર્યા બાદ કુદરતી આપત્તિઓ જેવી કે ધરતીકંપ, યુધ્ધ, નદી કે વરસાદના પુર, આગ વાવાઝોડુ વિગેરે તથા માનવ સર્જિત આપત્તિઓ જેવી કે રમખાણો, તોફાનો વિગેરેને કારણે બાંધકામને નુકશાન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી તમારી રહેશે સહી તથા તે અંગે અમારી પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈપણ રીતે કોઈપણ પ્રકારની આર્થિક, ટેકનીકલ કે કાયદાકીય જવાબદારી રહેશે નહી ગણાશે નહી. બાંધકામનો કબજો સુપ્રત કર્યાની તારીખથી "છ" માસ દરમ્યાન કોઈપણ પ્રકારનું લીકેજ થાય તો તેનું સમારકામ કરી/કરાવી આપવાની જવાબદારી અમારી નકકી થયેલ છે. તેમજ "છ" માસ પછી કોઈપણ પ્રકારના લીકેજ રીપેરીંગ પોતાના ખર્ચે અને જોખમે કરવા/ કરાવવાની સંપૂર્ણ જવાબદારી તમારી રહેશે સહી.

સદરહુ પ્રોજેકટમાં અમોએ અંડર ગ્રાઉન્ડ, ઓવરહેડ પાણીની ટાંકી, દાદર, પેસેજ, બાલ્કની, પાર્કિંગ વિગેરે તૈયાર કરી આપેલ છે અને તે તમામની તથા અન્ય સહીયારી

સગવડતાઓ જેવી કે મેઈન એન્ટ્રી તથા કોમન લાઈટો, વિગેરેની જાળવણી બિલ્ડીંગના તમામ સભ્યોએ ભેગા મળીને કરવાની રહેશે. તેમજ બિલ્ડીંગની કોમન ફેસીલીટીઝનો મેઈન્ટેનન્સ, રીપેરીંગ ખર્ચ, વિજળીના બીલ, રોડ, સાફ સફાઈ ખર્ચ વિગેરે તમામ ખર્ચ પણ બિલ્ડીંગના સભ્યો સાથે ભેગા મળી કરવાનો રહેશે સહી.

સદરહુ તમોને વેચાણ આપેલ મિલકત જે બિલ્ડીંગમાં આવેલ છે તે બિલ્ડીંગના એલીવેશનમાં તમોએ કોઈપણ પ્રકારનો ફેરફાર કરવા/કરાવવાનો નથી. તેમજ બિલ્ડીંગને નુકશાન થાય તે રીતે બીમ, કોલમમાં ભાંગફોડ કે સુધારા વધારા તમોએ કે અન્ય સભ્યોએ કરવાના નથી. તેમજ બિલ્ડીંગના સ્ટ્રકચરની ડીઝાઈનમાં પણ કોઈપણ પ્રકારના ફેરફારો કરવાના નથી.

તમો વેચાણ રાખનારે ચુકવેલ અવેજની રકમમાં સદરહુ ફલેટવાળી મિલકતનો સમાવેશ થાય છે. હાલના તથા વખતો વખતના કાયદાની રૂએ હાલ જે એફ.એસ.આઈ. કે પેઈડઅપ એફ.એસ.આઈ. મુજબ વાપરવામાં આવેલ છે અને તે પ્રમાણે બાંધકામ છે તેનાથી વધારે બાંધકામ યાને એફ.એસ.આઈ. કે અન્ય મળવા પાત્ર વધારાનું બાંધકામ મળી શકે તેમ હોય યાને હાલની પેઈડઅપ એફ.એસ.આઈ. કરતા બીજી વધારાની પેઈડઅપ એફ.એસ.આઈ. કે ફલોટીંગ એફ.એસ.આઈ. મળે તો તે વધારાનું બાંધકામ કરવા અમો હકકદાર છીએ અને જે મળનાર વધારાના બાંધકામની માલીકી ફકત અમો વેચાણ આપનારની રહેશે સહી જે અંગે તમો વેચાણ રાખનારે કે અન્ય સભ્યોએ કોઈપણ પ્રકારની તર–તકરાર કરવા કરાવવાની નથી.

સદરહુ પ્રોજેકટની ખાનગી રાહે ઓળખાણ માટે અમો વેચાણ આપનારે **"ઓશિયન ડ્રાઈવ"** તરીકે નામ આપેલ છે જેમાં તમો વેચાણ રાખનારે કે પ્રોજેકટના અન્ય કોઈ સભ્યોએ કોઈપણ પ્રકારનો ફેરફાર કરવા કરાવવાનો નથી.

સદરહુ મિલકતની કિંમત **રૂા.........../– (અંકે રૂપિયા.............)** પુરા નકકી કરવામાં આવેલ છે જેથી આ વેચાણ દસ્તાવેજ **રૂા................./– (અંકે રૂપિયા ....)** પુરાના ઈ–સ્ટેમ્પીગ ઉપર કરવામાં આવેલ છે.

સદરહુ મિલકત અંગેના આ વેચાણ દસ્તાવેજના તમામ ખર્ચ જેવા કે સ્ટેમ્પ ખર્ચ, રજી. ફી, વકીલ ફી વિગેરે તમોએ ભોગવેલ છે.

–:: પરિશિષ્ટ ::–

–:: વેચાણ આપેલ મિલકતની વિગત ::–

સુરત ડીસ્ટ્રીકટ મજુરા સબ–ડીસ્ટ્રીકટના મોજે સુલતાનાબાદના રેવન્યુ સર્વે નં. ૯૮ પૈકી ૧, ૯૮ પૈકી ૨, ૯૮ પૈકી ૩, ૯૮ પૈકી ૪, ૯૮ પૈકી ૫, ૯૮ પૈકી ૬, ૯૮ પૈકી ૭ પૈકી ૧, ૯૮ પૈકી ૭ પૈકી ૨ તથા ૯૮ પૈકી ૮ વાળી બીનખેતીની જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ : ૭૫૮૮–૦૦ ચો.મી. છે તે જમીન કે જેને ટી. પી. સ્કીમ નં. ૮૦ લાગુ પડતા ફાયનલ પ્લોટ

નં. ૧૧૮ ફાળવવામાં આવેલ છે અને જેનું ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ : ૬૯૩૬–૦૦ ચો.મી. થયેલ છે તે જમીનમાં બાંધવામાં આવેલ **"ઓશિયન ડ્રાઈવ"** ના **બિલ્ડીંગ નં. ......** ના **..........માળ** ઉપર આવેલ સ્થળ મુજબ **ફલેટ નં..........** અને મંજુર થયેલ પ્લાન મુજબ ફલેટ નં........... વાળી મિલકત કે જેનો સુપર બિલ્ટઅપ એરીયા : .... ચો.મી. અને બીલ્ટઅપ એરીયા : .... ચો. મી. અને કાર્પેટ એરીયા : .... ચો. મી. છે તે મિલકત તથા બિલ્ડીંગ તળેની જમીનમાં ફાળે પડતા વણ વહેંચાયેલા હિસ્સાની જમીન સહીતની મિલકત તે માહેના તથા બહારના તમામ હકકો સહિતની મિલકત.

એણિ વિગતનો આ વેચાણ દસ્તાવેજ અમો વેચાણ આપનારે આજરોજ અમારી રાજીખુશીથી અને સ્વેચ્છાએ તનમનની સ્વસ્થ હાલતમાં વાંચી, વંચાવી, સમજી, વિચારી કોઈના કોઈપણ પ્રકારના દાબ દબાણ કે ધાક ધમકીમાં આવ્યા વગર કરી આપેલ છે, જે અમોને પોતાને તથા વખતો વખતના ભાગીદારો, વંશવાલી વારસો, ટ્રાન્સફરી, એસાઈની, એકઝીકયુટર્સ, એડમીની સ્ટ્રેટર્સ, સકસેસર્સ ઈત્યાદી તમામને કબુલ મંજૂર અને બંધનકર્તા છે સહી અને રહેશે સહી.

અત્રે...............................મતુ તત્રે...............................શાખ

પીએનજી ડેવલપર્સના ભાગીદારો :–

(૧. અતુલભાઈ મણીલાલ પટેલ

(૨. કાંતિભાઈ વિરજીભાઈ ગાંગાણી ....

....

(૩. વિનોદભાઈ પ્રેમજીભાઈ ગાંગાણી જાતે પોતે તથા અ. નં. ૧, ૨ તથા ૪ થી ૧૪ ના કુલમુખત્યાર તરીકે)

(૪. જગદીશભાઈ મણીલાલ પટેલ

(૫. સંજયભાઈ રમેશચંદ્ર પટેલ

(૬. સંજયભાઈ દામજીભાઈ ગાંગાણી

(૭. નિલેશભાઈ હેમરાજભાઈ ગાંગાણી

(૮. પ્રશાંતભાઈ વાલજીભાઈ ગાંગાણી

(૯. પ્રફુલભાઈ ભગવાનજીભાઈ પરમાર

(૧૦. ભગવાનજીભાઈ માધવજીભાઈ પરમાર

(૧૧. ભીખીબેન મણીલાલ પટેલ

(૧૨. પુષ્પાબેન હસમુખભાઈ પટેલ

(૧૩. હેમંતભાઈ નાથુભાઈ પટેલ

(૧૪. હરદાસભાઈ વસ્તાભાઈ પટેલ એચ.યુ.એફ.